ડૉ.સુરેખા પટેલ
એસો.પ્રોફેસર (સંસ્કૃત વિભાગ)
(જી.ડી. મોદી આર્ટસ કોલેજ, પાલનપુર)
૧, વિનાયક પાર્ક સોસાયટી,
જામપુરા રોડ, પાલનપુર
મો.૯૪૨૮૦૨૩૦૭૧
ફોન : ૦૨૭૪૨ – ૨૫૯૩૩૧

# વાલ્મીકિ રામાયણમાં રાષ્ટ્રીયભાવના

રાષ્ટ્ર શબ્દ '*राज्-द्रीप्तौ*' ધાતુથી બનેલો છે.[૧] તે અનુસાર રાષ્ટ્ર શબ્દનો અર્થ થાય છે 'સમ્પ્રભુતા સંપન્નદેશ' સરળ શબ્દોમાં કહીએ તો પોતાના રાષ્ટ્રની રક્ષા અને પ્રગતિનાં કાર્યો માટે પારસ્પરિક મતભેદ ભૂલી જઈ એક થઈને રહેવાની હાર્દિક અને ક્રિયાત્મક ભાવના જ રાષ્ટ્રીય ભાવના છે. રાષ્ટ્રીયતાની આ ભાવનાનાં દર્શન આપણને વેદો ના સમયથી દષ્ટિગત થાય છે. 'હું પૃથ્વીમાતાનો પુત્ર છું.' [૨] યજુર્વેદમાં પ્રાપ્ત થતી સમગ્ર રાષ્ટ્રના ઉત્થાનની કામના પણ એક ઉદાત્ત રાષ્ટ્રીય ભાવનાનો જ પરિચય આપે છે.[૩] વાલ્મીકિ રામાયણના મુખ્ય પાત્ર મર્યાદા પુરુષોત્તમ રામની દષ્ટિએ સુસમ્પન્ન વિદેશની તુલનામાં જન્મભૂમિ ગમે તેટલી દીન-હીન હોય પરંતુ, શ્રેષ્ઠ છે.[૪] કવિકુલગુરુ કાલિદાસને તો આચાર્ય બલદેવ ઉપાધ્યાયે સમગ્ર ભારતના ઉપાસક કહી દીધા છે.[૫]

સંસ્કૃત સાહિત્યમાં મહર્ષિ વાલ્મીકિનું વિશિષ્ટ સ્થાન છે. મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણથી પ્રત્યેક મનીષી સુપરિચિત છે. ચોવીસ હજાર શ્લોકવાળા આ વિશાળકાય ઉપજીવ્ય કાવ્યની મુખ્ય ઘટના છે. 'યુધ્ધમાં રામનો રાવણ ઉપર વિજ્ય.' આ ઉપરાંત પણ મહર્ષિ પોતાના ચરિત નાયક શ્રીરામનું સમગ્ર જીવનચરિત્રનું અતિભવ્ય અને મર્મસ્પર્શી વર્ણન કર્યું છે, જેનો સ્વાધ્યાય કરતી સમયે વાચક આત્મવિભોર થઈ જાય છે.

આપણા આદિકવિ વાલ્મીકિની સંવેદના રાષ્ટ્રની સમૃધ્ધિ પ્રત્યે પર્યાપ્ત પ્રમાણમાં જાગૃત છે. પ્રજાનાં યોગક્ષેમનાં લેખાં-જોખાં પ્રસ્તુત કરવામાં કવિની લેખની ખૂબજ નિપુણ રહી છે.

રાજા દશરથ અને રાજા શ્રીરામના રાજ્યકાળમાં પ્રજાજનોની સ્થિતિના વર્ણનના માધ્યમથી તેઓએ પોતાનો મનોભાવ પ્રગટ કરી દીધો છે કે રાષ્ટ્રની પ્રજા તન-મન અને ધનથી સમૃધ્ધ હોવી જોઈએ. તે રાષ્ટ્રમાં બધાજ ધર્માત્મા હોય, સત્યવાદી હોય, પોતાની સંપત્તિથી સંતુષ્ટ રહેનારા હોય.

સંપત્તિમાન હોય સંયમી, પ્રસન્નચિત્ત, સુશીલ અને સદાચારી હોય. કર્મઠ, દાની, અતિથિપ્રિય, દેવતાપ્રિય, કૃતજ્ઞ અને શૂરવીર હોય. તે પરાક્રમી, દીર્ઘાયુ, સ્ત્રી-પુત્ર-પૌત્રોથી યુક્ત હોય, પરસ્પર પ્રીતિમાન સ્વચ્છ વેશભૂષાવાળા, રાજાના હિતેચ્છુ, જાગૃત, નીરોગી અને હૃષ્ટ-પુષ્ટ હોય. કોઈ લોભી ન હોય, અપૂર્ણ ન હોય, કામી, કાયર, ક્રૂર અને મૂર્ખ ન હોય. નાસ્તિક, મલિન, દુર્ગંધિત કે ક્ષુદ્ર ન હોય. અસંયમી, ચોર કે દુરાચારી ન હોય. મિથ્યાવાદી, ઈર્ષ્યાળુ, દુર્બળ કે દીન ન હોય. તે અવૈદિક વિક્ષિપ્ત ચિત્તવાળો કે વ્યથિત ન હોય. તે કુરુપ કે. રાજદ્રોહી ન હોય.[૬]

આદિકવિ વાલ્મીકિ ઋષિની એવી પણ ભાવનાનું નિરુપણ રામાયણ માં જોવા મળે છે કે રાજાએ સદૈવ પોતાના રાષ્ટ્રની સમૃધ્ધિની વૃદ્ધિ કરતા રહેવું જોઈએ. તેની સુરક્ષા અર્થે હંમેશા ઉત્તમ વ્યવસ્થા કરવી જોઈએ. પ્રશાસન અને ન્યાયની માન્ય અને પર્યાપ્ત વ્યવસ્થા કરવી જોઈએ. પોતાના સદાચાર સંપન્ન આચરણથી પોતાની લોકપ્રિયતા વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. રાજ્યની વ્યવસ્થા માટે અમાત્ય મંડળ અને મિત્ર મંડળમાં રાષ્ટ્રભક્ત, સત્યનિષ્ઠ, નિર્લોભ, કુલીન, સદાચારપરાયણ અને સ્વાધ્યાયશીલ મનીષીઓની નિયુક્તિ કરવી જોઈએ. મંત્રણાની ગોપનીયતા ઉપર ધ્યાન આપવું જોઈએ. સેનાપતિ પણ એવી જ વ્યક્તિને બનાવવી જોઈએ કે જે સંતુષ્ટ રહેનાર, પરાક્રમશાળી, ધૈર્યવાન, બુધ્ધિમાન, પવિત્ર, કુલીન તથા પોતાના (રાજા) માં પ્રેમ આદર અને શ્રધ્ધા રાખનાર તથા રણવિદ્યા માં પારંગત હોય. સંપૂર્ણ સેનાને પણ વેતન અને સન્માનીય ભેટ-સોગાદોથી સંતુષ્ટ કરવી જોઈએ. રાજદૂતપદે પણ દેશાનુરાગી મનીષી અને વાગ્મી વ્યક્તિની નિયુક્તિ કરવી જોઈએ. શત્રુપક્ષની ક્યારેય ઉપેક્ષા ન કરવી જોઈએ. શિક્ષા, વાણિજ્ય અને કૃષિનો યોગ્ય તથા ઉત્તરોત્તર વિકાસ કરતા રહેવું જોઈએ. વનસંપત્તિ, પશુસંપત્તિ અને અન્નસંપત્તિનો સદાય વિકાસ કરતા રહેવું જોઈએ. જનતા પાસેથી પણ ઉચિત કર જ લેવો જોઈએ. સન્માનીય લોકોની અવહેલના કે અપમાન ન કરવું જોઈએ. ધર્મ, અર્થ અને કામ નામના પુરુષાર્થના પાલનમાં વિસંગતિ અથવા અસમાનતા ન આવવા દેવી જોઈએ. કર્કશ, દુર્બુદ્ધિ, અજિતેન્દ્રિય અને સ્વેચ્છાચારી ન હોવું જોઈએ. સત્ય અને ધૈર્યનું પાલન કરવું જોઈએ. આસ્તિકભાવ રાખી વિમર્શપૂર્વક જ કાર્ય કરવું જોઈએ. દેશ અને કાળથી વિપરીત જઈ કાર્ય ન કરવું જોઈએ. સામાદિ નીતિઓનો ઉચિત ઉપયોગ કરવો જોઈએ. અશુભ કાર્યો તો ભૂલથી પણ ન કરવાં જોઈએ. ટૂંકમાં, કહી શકાય કે રાજાએ પોતાના રાષ્ટ્રની સારી રીતે દેખભાળ કરવી જોઈએ.[૭]

રાષ્ટ્રીય રાજધાનીની સુરક્ષા તરફ પણ ધ્યાન દોરતાં આદિકવિનો અભિપ્રાય છે કે રાજધાનીની ચારેય તરફ પર્યાપ્ત મોટી, ઉંડી, જળયુકત અને દુર્ગમ ખાઈ હોવી જોઈએ. ઉંચે ચઢી ન શકાય તેવી ચાર દીવાલો હોવી જોઈએ. નગરમાં પ્રવેશવા માટે તેમાં જે દરવાજા બનાવવામાં આવે તે દુર્ભેધ અને લોખંડની પાટ અને સાંકળોથી યુક્ત હોવા જોઈએ. દરવાજા ઉપર ઉત્તમ પ્રકારનાં યંત્ર લાગેલાં હોવાં જોઈએ. જેનાથી ગોળા, મોટા પથ્થરના ટુકડાઓના તીવ્ર મારથી આગળ વધતી શત્રુસેનાને રોકી શકાય. અસ્ત્ર-શસ્ત્રોના પર્યાપ્ત ભંડાર હોવા જોઈએ. શત્રુસેના ઉપર ચારેય બાજુએથી પ્રતિ આક્રમણ કરવાની દ્દષ્ટિથી નગરને ફરતે કરેલી ખાઈને પાર કરવા માટે દરેક સ્થળે(ફોલ્ડીંગ) પુલ હોવા જોઈએ. રાજધાનીની બધી તરફ દરેક સ્થળે દરેક પ્રકારની સુરક્ષા સૈનિકોની સંખ્યામાં સતત નિયુક્તિ કરતા રહેવું જોઈએ. સેના પણ સુવ્યવસ્થિત તથા સુપર્યાપ્ત હોવી જોઈએ.[૮]

રાષ્ટ્રીય (ભારતીય) સંસ્કૃતિની તરફ પણ મહર્ષિ જાગૃત છે. રાજા દશરથ દ્વારા સંપન્ન કરવામાં આવેલ ‘પુત્રેષ્ટિ’ યજ્ઞમાં શ્રીરામ, લક્ષ્મણ વગેરેના જન્મ સમયે વિશ્વામિત્રના યજ્ઞ અનુષ્ઠાનોમાં, શ્રીરામાદિના વિવાહ સંસ્કારમાં, શ્રીરામના રાજ્યાભિષેક મહોત્સવોમાં અને દશરથ રાજાના અંત્યેષ્ટિ સંસ્કારમાં આદિ કવિ દ્વારા ભારતીય સંસ્કૃતિનું પૂર્ણરૂપે અનુપાલન કરવામાં આવ્યું છે. એટલું જ નહીં પણ ચરિતનાયક શ્રીરામને તો તેમણે ભારતીય સંસ્કૃતિની રક્ષા અને પ્રસાર માટે સદાય સર્વાત્મના રાખ્યા છે. જો સૂક્ષ્મ દ્દષ્ટિએ વિચારીએ તો જણાશે કે રામાયણમાં વર્ણિત સંઘર્ષ વ્યક્તિ વિશેષની વચ્ચે થયેલો સંઘર્ષ નથી. પરંતુ બે સંસ્કૃતિ વચ્ચેનો સંઘર્ષ છે. જેને આપણે આર્ય અને અનાર્ય સંસ્કૃતિ કહીએ છીએ. તે બે પ્રજાતિઓનો સંઘર્ષ છે, જે માનવપ્રજાતિ અને રાક્ષસ પ્રજાતિનામે પ્રસિદ્ધ છે. તે બે દેશોનો સંઘર્ષ છે, જેને આપણે આર્ય-અનાર્ય દેશનું નામ આપી શકીએ. આ સંઘર્ષમાં રામ અને લક્ષ્મણ આર્ય સંસ્કૃતિ, માનવ પ્રજાતિ તથા આર્યદેશનું પ્રતિનિધિત્વ કરે છે. તેજ રીતે રાવણ, કુંભકર્ણ, મેઘનાદ, ખર, દૂષણ, ત્રિશિરા, સુબાહુ, મારીચ, કબંધ, વિરાધ, શૂર્પણખા તાટકા આદિ અનાર્ય સંસ્કૃતિ, રાક્ષસ પ્રજાતિ તથા અનાર્યદેશનું પ્રતિનિધિત્વ કરે છે. સુગ્રીવ, હનુમાન,અંગદ આદિ જો કે માનવ પ્રજાતિના નહીં, પરંતુ એ બધા આર્યદેશના નિવાસી છે. અને તેમને પોતાના દેશ ઉપર ગર્વ પણ છે. મહર્ષિ વાલ્મીકિએ રામાયણમાં સંઘર્ષના આ હેતુની ઘણે સ્થળે ચર્ચા કરી છે. વિશ્વામિત્ર-દશરથ સંવાદ દ્વારા એ તથ્ય નીકળે છે કે પોતાના આર્ય દેશમાં ઘુસેલ મારી, સુબાહુ અને તાટકા જેવા રાક્ષસ જાતીય અનાર્યો પર જે આર્ય સંસ્કૃતિ અને માનવ જાતિના વિરોધી હતા. વિજય પ્રાપ્ત કરવા માટે જ વિશ્વામિત્ર રામને લેવા દશરથની પાસે આવે છે. રામ-વિશ્વામિત્ર સંવાદથી પણ એ

તથ્ય ઉજાગર થાય છે.[૧૦] રામે વિરાધનો વધ પણ એટલે જ કર્યો છે કે તે આર્ય સંસ્કૃતિનો શત્રુ હતો.[૧૧] આ પ્રસંગે એ સ્મરણ કરાવવું પણ જરૂરી છે કે આર્યદેશીય વાનપ્રસ્થ મુનિઓની સાથે અનાર્યદેશીય રાક્ષસોના નિર્મમ પ્રાણઘાતક અત્યાચારોના પરિણામને જ્યારે શ્રીરામે પોતાના વનવાસકાળમાં પ્રત્યક્ષ જોયાં ત્યારે જ તેમણે આર્યદેશમાંથી અનાર્યોનું સમૂળ નિકંદન કાઢવાની પ્રતિજ્ઞા કરી હતી.[૧૨] બીજી તરફ શૂર્પણખાએ પણ ખરને રામ-લક્ષ્મણની વિરુધ્ધ એવું કહીને ઉત્તેજિત કર્યો હતો કે તેઓ બંને માનવજાતિના આર્ય છે, આર્ય સંસ્કૃતિથી સંપન્ન છે અને રાક્ષસજાતિના શત્રુ છે.[૧૩] તેણે રાવણને પણ રાક્ષસ જાતિનો પક્ષ લઈને રામ-લક્ષ્મણ નામના માનવો સામે પ્રતિશોધ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.[૧૪] રાક્ષસરાજ રાવણ તેની તર્કયુકત વાતોથી પ્રભાવિત પણ થાય છે, કારણકે તે પોતાની રાક્ષસ પ્રજાતિ તથા રાક્ષસ સંસ્કૃતિની માન-મર્યાદાને ઉંચી રાખવા તથા માનવ પ્રજાતિ અને માનવ સંસ્કૃતિને નિમ્ન બતાવવા માટે સીતાહરણની યોજના બનાવીને મારીચને મળે છે. અને આ યોજનામાં સક્રીય સહાયતા મેળવવા માટે તેને સુવર્ણ કપટમૃગ બનવા મજબૂર કરે છે.[૧૫] અશોક વાટિકામાં એક ધાન્યમાલિની નામની રાક્ષસ જાતિની રાવણપત્ની રાવણના મનને સીતા તરફથી એ તર્કને આધારે હટાવવા માનતી હતી કે સીતા તો મનુષ્ય છે.[૧૬] બીજી બધી રાક્ષસી સેવિકાઓ સીતાને પ્રેરણા આપતી હતી કે તે માનવ (રામ) ને ત્યજીને રાક્ષસરાજ રાવણની પત્ની બની જાય અને બધાં સુખોનો ઉપભોગ કરે.[૧૭] સીતા પણ દૃઢતાપૂર્વક જવાબ આપે છે કે કોઈપણ માનવીએ રાક્ષસની પત્ની ન બનવું જોઈએ.[૧૮] તે પોતાનો આ સાંસ્કૃતિક નિર્ણય દોહરાવે છે.[૧૯] રાવણે મનુષ્યોની હંમેશા ઉપેક્ષા કરી છે. તેને તૃણવત્ માનીને તેનો વિનાશકર્યો છે અને વિકાસ અટકાવ્યો છે. તે મનુષ્યોથી લેશમાત્ર પણ ડરતો ન હતો. કેવળ વિભીષણને બાદ કરતાં તેના પક્ષકાર અન્ય રાક્ષસોની પણ આવી જ ધારણા છે.[૨૦] માલ્યવાન્ જે રાવણના માતામહ હતા, તેઓએ પણ પોતાના દેશ અને પોતાની સંસ્કૃતિને સુરક્ષિત રાખવાની દૃષ્ટિએ જ રાવણને સમજાવ્યો હતો કે તે શ્રીરામથી સુલેહ કરી લે.[૨૧] શ્રીરામચન્દ્રજીએ અંગદને રાવણ પાસે દૂત બનાવીને એ કહેવા મોકલ્યો છે કે આર્ષ સંસ્કૃતિ જે આર્ય સંસ્કૃતિનું બીજું નામ છે અને જેને દેવ, ગંધર્વ, યક્ષ વગેરે બધા જ માને છે કે વિરોધ કરનારા બધા જ રાક્ષસોને સમાપ્ત કરી દેવામાં આવશે.[૨૨] યુદ્ધ સમયે મેઘનાદ પણ વિભીષણને પોતાની રાક્ષસજાતિ, રાક્ષસપ્રજાતિ, રાક્ષસધર્મ અને પોતાના રાક્ષસ વર્ગીય સ્વાતંત્ર્યની ગરિમા બતાવીને તેને પોતાના પક્ષમાં પાછા ફરવાની પ્રેરણા આપી છે. પરંતુ, વિભીષણ પોતે રાક્ષસ પ્રજાતિમાં ઉત્પન્ન થવા છતાં રાક્ષસ સંસ્કૃતિને અસ્પૃષ્ટ

(નિમ્ન) બતાવીને પોતાને આર્ય સંસ્કૃતિ અને આર્યધર્મનો જ ઉપાસક કહે છે.[૨૩] લક્ષ્મણ અને મેઘનાદના સંરમ્ભપૂર્ણ યુધ્ધને પણ વાલ્મીકિએ નરમુખ્ય અને રાક્ષસમુખ્ય યુધ્ધ કહ્યું છે.[૨૪]

મહાકવિ વાલ્મીકિએ રામ-રાવણના યુધ્ધને બે દેશોના યુધ્ધરૂપે પણ અત્ર-તત્ર બતાવ્યું છે. આપણે જોઈએ છીએ કે સમુદ્રના ઉલ્લંઘન વખતે હનુમાને પોતાની ઉડાનમાં વિઘ્ન નાખનારી સુરસાને પોતાને અનુકૂળ કરવા માટે સૌથી પહેલાં તેને એવા તર્કથી સમજાવે છે કે 'હે સુરસે! હું શ્રીરામનો દૂત છું. તેમની આજ્ઞાથી સીતાની પાસે જઈ રહ્યો છું. તું પણ શ્રીરામના દેશમાં રહેનારી છે, તેથી તારે પોતાના દેશના રાજા શ્રીરામની સહાયતા કરવી જોઈએ. અર્થાત્ મારી યાત્રામાં વિઘ્ન ન નાખવું જોઈએ.' [૨૫] અહીં, આ પ્રસંગે એ પણ ઉલ્લેખનીય છે કે આહત વાલીના આક્ષેપોનો જવાબ આપતી વખતે સ્વયં શ્રીરામે કહ્યું છે કે 'અહીંની આ સમગ્ર ભૂમિ ઉપર ભારતનું સામ્રાજ્ય છે અને અમે લોકો પોતાના ધર્મ કે સંસ્કૃતિના વિસ્તાર હેતુથી ભ્રમણ કરી રહ્યા છીએ. અત: અધર્મ અને અધાર્મિક અહીં નહીં રહી શકશે.'[૨૬] શ્રીરામે પોતાના અનુજ શત્રુઘ્ન દ્વારા રાવણના માસીયાઈ ભાઈ લવણાસુરનો પણ એટલા માટે જ સંહાર કરાવવો પડયો કે તે આર્ષ સંસ્કૃતિનો વિરોધી હતો અને તેના સામ્રાજ્યમાં રાક્ષસ સંસ્કૃતિનો આતંક ફેલાયેલો હતો.[૨૭]

માનવજાતિને જોડનાર અને તોડનાર તત્વ ભાષા, ધર્મ, સંસ્કૃતિ, રાષ્ટ્રીયતા છે. માનવ અને સમગ્ર સૃષ્ટિને જેમ છે તેમને તેમ રાખવા માટે ઉપર્યુકત તત્વોનો પ્રયોગ આવશ્યક છે. વિશ્વમાં પ્રચલિત વિવિધ ધર્મોની ભિન્ન ભિન્ન પરિભાષાઓમાં બાંધવામાં આવી છે. પરંતુ, ધર્મની માનવીય પરિભાષા જ ધર્મના યોગ્ય સ્વરૂપને સ્પષ્ટ કરે છે. આ માનવીય ધર્મની વાત આપણા વેદો કરે છે.[૨૮] માનવના કલ્યાણ અને આત્મોત્કર્ષની સાથે-સાથે માનવની વિકારોથી મુક્તિની ઈચ્છામાં માનવીય ધર્મની સાથે એક વિશેષ ફલક ઉપર રાષ્ટ્રીયતા પણ વ્યંજિત છે.[૨૯]

સાંપ્રત ભારતીય સંસ્કૃતિ એક તરફથી વિભિન્ન સમસ્યાઓથી ગ્રસ્ત થયેલી છે. તો બીજી તરફ રાષ્ટ્રીય, ટેકનીકલ વિકાસ તરફ આગેકૂચ કરી રહી છે. આ સંક્રાન્ત કાળમાં આપણા રાજનૈતિક વ્યવસ્થા, ભ્રષ્ટતંત્ર તથા નિષ્ક્રિય પ્રજાજનો પણ ફરજ ચ્યુત થયેલા છે. આ બધી સમસ્યાઓનો સરળ ઉપાય આપણા પ્રાચીન શાસ્ત્રોમાં નિહીત છે.

ભારતમાતાના સુપુત્ર યોગીરાજ મહર્ષિ અરવિંદ, જેમણે પોતાના રાજનૈતિક જીવનકાળમાં સૌ પ્રથમ ભારત વર્ષના નવયુવકોમાં દેશ પ્રતિ રાષ્ટ્રભાવના જાગૃત કરી હતી. મહર્ષિ અરવિંદનો મત છે કે રાષ્ટ્ર પ્રત્યે, માતૃભૂમિ પ્રત્યે આપણી જાગરૂકતા જ આપણી બધી જ સમસ્યાઓનો સરળ ઉપાય છે.

આ રાષ્ટ્રીય ભાવનાને વાલ્મીકિ રામાયણ જેવા આર્ષકાવ્ય દ્વારા યથાર્થ અભિવ્યક્તિ કરવાનો મારો પ્રયાસ છે.

---

**પાદટીપ**

१. 'राजते इति राष्ट्रम् ।' शब्दमकल्पद्रुमः चतुर्थखण्ड – पृ-१५८

२. 'माता भूमिः पुत्रोऽहं पृथिव्या' - अथर्ववेदः १२/१/१२

३. ॐ आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्, आ राष्ट्रे राजन्यः शूर इषतोऽतिव्याधी महारथो जायताम्, दोग्ध्री धेनुर्वोढाऽनड्वानाशुः सप्तिः पुरन्धिर्योषा जिष्णू रथेष्ठाः सभेयो युवास्य यजमानस्य वीरो जायताम् निकामे निकामे नः पर्जन्यो वर्षतु फलवत्यो न औषधयः पच्यन्तां योगक्षेमो नः कल्पताम् । यजुर्वेद : २२/२२

४. अपि स्वर्णमयी लंका न मे लक्ष्मण रोचते ।
जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।। वाल्मीकि रामायणम्

५. संस्कृत साहित्यका इतिहास : पृ-१९८

६. वाल्मीकि रामायण : बालकाण्ड : ६/६/-१९, ७/१४-१६
वाल्मीकि रामायण : अयोध्याकाण्डः ३/५१, ३४/४१, ५५, ३७/२९, १००/२७
वाल्मीकि रामायण : उत्तरकाण्ड : ४१/१७-२०, ९९/११-१४

७. बालकाण्ड : ५/५-२३, ६, १/२८, ७/१-२४, ७७/२४-२५
अयोध्याकाण्ड : ३/३८-४६, १००/११-७६, १०९/९-३६
अरण्यकाण्ड : ४१/५-१६
युद्धकाण्ड : १२/३०-३३, ६३/५-२०, १३२/२-११
उत्तरकाण्ड : ३९/३-२८

८. बालकाण्ड : ५/९-१३, ६/२०-२८
अयोध्याकाण्ड : १००/४०-४२, ५३
युद्धकाण्ड : ३/१-२७

९. बालकाण्ड : १९/४-२०, २०/१-२८

१०. बालकाण्ड : २४/५-३२, २५/१-१९

११. अरण्यकाण्ड : ३/४-९

१२. अरण्यकाण्ड : ६/१-२५

१३. अरण्यकाण्ड : १९/१-२०, २१/१-२२, २२/१-६

१४. अरण्यकाण्ड : ३३/१-२४, ३४/१-२६

१५. अरण्यकाण्ड : ३६/१-२४

१६. सुन्दरकाण्ड : २२/४०-४१

१७. सुन्दरकाण्ड : २३/३-१९, २४/१-५

१८. सुन्दरकाण्ड : २४/८

१९. सुन्दरकाण्ड : २५/३

२०. युद्धकाण्ड : १२/२२, १४/८, १५/४,७ ३६/४-५

२१. युद्धकाण्ड :સર્ગ - ३५

२२. युद्धकाण्ड : ४१/५८-६७

२३. युद्धकाण्ड : ८७/१०-३०

२४. युद्धकाण्ड : ८८/३६

२५. सुन्दरकाण्ड : १/१५४

२६. किष्किन्धाकाण्ड : १८/६-११

२७. उत्तरकाण्ड :સર્ગ - ६१-७०

२८. अथर्ववेद : १२/१/४५

२९. ऋग्वेद : ५/८२/५

## सन्दर्भग्रन्था :

१. शब्दकल्पद्रुम :

२. अथर्ववेद संहिता : सम्पादक: वेदमूर्ति तपोनिष्ठ, पं.श्रीरामशर्मा आचार्य, प्रकाशक-ब्रह्मवर्चस्, शान्तिकुञ्ज, हरिद्वार, आवृत्ति-नवम् –२००४

३. यजुर्वेद संहिता : सम्पादक: वेदमूर्ति तपोनिष्ठ, पं.श्रीरामशर्मा आचार्य, प्रकाशक-ब्रह्मवर्चस्, शान्तिकुञ्ज, हरिद्वार, आवृत्ति-नवम् –२००४

४. वाल्मीकि रामायणम् : प्रकाशक – गीताप्रेस गोरखपुर, संस्करण - तृतीय

५. संस्कृत साहित्यका इतिहास : बलदेव उपाध्याय